જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૩૦૫ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૧ કવાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૨૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૩૫/૨૦૨૫**

માધવપુરાઃ મુકેશકુમાર મોતીલાલ સાલેચા (ઉ.વ.૪૪) (રહે.શિતલ એકવા ચીનુભાઈ મહાદેવ મંદીર પાસે રીવરફ્રંટ પાસે શાહીબાગ માધવપુરા) એ તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મુકેશકુમાર સાલેચા નાઓ ઈદગાહ સીટી સેન્ટર ખાતે દુકાન નંબર એફ–૦૪ માં મુકેશ ક્રીએશન નામની દુકાન ધરાવી કાપડનો ધંધો કરતા હોય જેમાં રોંજીદો કાપડનો માલ ડીલવરી કરતા આરોપી (૧) પંકજ ઉર્ફે પકો મનુભાઈ નાડીયા (રહે. કોલાબાના છાપરાં ઈદગાહ રોડ માધવપુરા અને (૨) ફરીદ નવસાદ શેખ (રહે. યશ કોમ્પલેક્ષની બાજુમાં જુબેલા પાર્કની ચાલ જુહાપુરા સરખેજ) એ ભેગા મળી તા.૦૮/૦૯/૨૦૨૫ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે મુકેશકુમાર સાલેચા નાઓની દુકાન ખાતેથી કાપડના તાકા નંગ–૨૧ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ડીલવરી કરવા સારૂં લઈ જઈ ડીલવરી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમા ચલાવે છે.

દાણીલીમડાઃ મોહમદઉમર મોહમદઅબ્બાસ સૈયદ (ઉ.વ.૫૦) (રહે. પહેલા માળ અલ–અમીન બિલ્ડીંગ રાજસ્થાન ટી–સ્ટોલ ઉપર દાણીલીમડા ચાર રસ્તા પાસે દાણીલીમડા) એ તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમદઉમર સૈયદના ભત્રીજા મોહમદ સઉદનું ફેસબુક એકાઉન્ટ હેગ કરી તા.૨૦/૦૮/૨૦૨૫ રાતના ૯/૩૦ થી ૦૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર (૧) ૯૦૬૩૧૨૪૧૨૨ અને (૨) ૯૧૧૭૩૨૬૦૬૩ ના ધારકોએ મોહમદઉમર સૈયદના ભત્રીજા મોહમદ સઉદના ફેસબુક આઈડીથી મેસેજ કરી તેમજ વોટ્સએપ કોલ કરી વિશ્વાસમાં લઈ રૂપિયા ૫૦,૦૦૦/– તેઓના અલગ–અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

શહેરકોટડાઃ અર્જુન હરેશભાઈ પટેલ (ઉ.વ.૩૫) (રહે. મનમોહન સોસાયટી મીલન સિનેમા રોડ સરસપુર) એ તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૮૯૭૪૧૭૫૫૧૫ ના ધારકે અર્જુન પટેલના મોબાઈલ નંબર ઉપર ફોન કરી એકસીસ બેંક ક્રેડીટકાર્ડ ડીપાર્ટમેન્ટમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી અર્જુન પટેલના એકસીસ બેંકનુ ક્રેડીટકાર્ડ અપડેટ કરવાનું જણાવી અર્જુન પટેલના મોબાઈલ ફોનમાં લીંક મોકલી લીંકમાં વિગતો ભરાવી માહીતી મેળવી લઈ અર્જુન પટેલના ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૯૮,૪૦૦/– ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.ડી.ચંદ્રાવાડીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં. ૧૩૩૬/૨૦૨૫**

રાણીપઃ ભરતભાઈ સોમનાથ પંચાલ (ઉ.વ.૬૭) (રહે. સાબરવીહાર સોસાયટી શ્રધ્ધા હોસ્પીટલ સામે રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૫ કલાક ૧૨/૩૦ થી તા.૨૨/૦૯/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તથા સોનાની રૂદ્રાક્ષની લકી કિમત રૂપિયા ૪૦,૦૦૦/–, ચાંદીની અલગ–અલગ વસ્તુઓ કિમત રૂપિયા ૫૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૧૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં. ૧૩૩૭/૨૦૨૫**

વાડજઃ પ્રિતિબહેન વા/ઓ નિતેશકુમાર ઠક્કર (રહે. ન્યુ સુર્યનારાયણ સોસાયટી અર્જુન ટાવર પાસે ઘાટલોડીયા) નાઓ તા.૨૧/૦૯/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે રાણીપ બસ ડેપો ખાતેથી પાટણ જવા સારૂં બસમાં ચડતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ પ્રિતીબહેન ઠક્કરની નજર ચુકવી પ્રિતીબહેન ઠક્કર પાસેનું પર્સ ચોરી કરી લીધું હતું. જે પર્સમાં સોનાની બે વિંટી તથા ચાંદીની એક વિંટી અને રોકડ રૂપિયા ૧૩,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૩,૫૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ પ્રિતિબહેન ઠક્કરે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ડાહ્યાભાઈ બાબુભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં. ૧૩૩૮/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ ધીર સ/ઓ યોગીનભાઇ દવે (ઉ.વ.૩૪) (રહે. ગૌરીશ એપાર્ટમેન્ટ નહેરૂ પાર્ક વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૫ કલાક ૭/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળાના ભાગે તેમજ હાથની કલાઈ ઉપર ઈજાઓ કરી પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હાર્દિકભાઈ મયુરભાઈ ચલાવે છે.

શહેરકોટડાઃ દિનેશભાઇ છગનભાઇ લેઉવા (ઉ.વ.૬૦) (રહે. જગ જીવનરામ સોસાયટી શારદાબેન હોસ્પીટલ પાછળ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડના હુકમાં દોરડું તેમજ દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયભાઈ મણીલાલ ચલાવે છે.

બાપુનગરઃ સરોજબહેન સચીનભાઈ વાઘેલા (ઉ.વ.૨૪) (રહે. ચાંદાભાઈની ચાલી કલ્યાણ કેન્દ્ર બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૯/૨૫ કલાક ૩/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એચ" ડીવીજન ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ ઈન્દીરા આવાસ યોજના સાત માળીયા ચોથા માળે કસ્તુરભાઇ ચુનાભાઇ પટણી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૫ રાતના ૯/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી